કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ
આંબેડકર ભવન નડીયાદ,જિ.ખેડા
ના મકાનમાં બાકી રહેલ અધૂરા
કામ પુરા કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સુધારાઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,ભાગ-૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ ૩૦/૧૧/૨૦૧૬.

વંચાણે લીધાઃ

(૧) સા.ન્યા.અને અ.વિ.ના તા.૧૬-૧-૨૦૧૪ના ઠરાવ ક્ર:અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ, ભાગ-૧

(૨) નિયામકશ્રી,અનુ.જાતિ કલ્યાણનાતા.૧૮-૧૧-૨૦૧૬ નાપત્રક્ર:અજાક/મ-૪/૫૬/૨૦૧૬/૬૬૩૦

સુધારાઠરાવઃ-

ઉકત વંચાણે લીધા ક્રમ-૧ પરના ઠરાવથી કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાનમાં બાકી રહેલ અધૂરા કામ પુરા કરવા માટે રૂ.૩૭,૨૦,૭૦૦/-(અંકે રૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા) નો ખર્ચ કરવાની મંજુરી આપવા આપવામાં આવેલ હતી. જેના અનુસંધાને ઉકત વંચાણે લીધા ક્રમ-૨ પર ના તા.૧૮-૧૧-૨૦૧૬ પત્રથી કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાનમાં બાકી રહેલ અધૂરા કામ પુરા કરવા અંગે રૂ.૧૮૩.૧૯ લાખનો ખર્ચ થઇ ગયેલ છે. જેથી રૂ.૧૬૪.૮૭ લાખની સુધારેલ વહીવટી મંજુરી કરતાં વધુ ખર્ચ થઇ ગયેલ હોવાથી તે રકમમાંથી રૂ.૩૭,૨૦,૭૦૦/-(અંકે રૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા)નો ખર્ચ થઇ શકે તેમ ના હોવાથી અગાઉ રૂ. ૧૬૪.૮૭ લાખ ની સુધારેલ વહીવટી મંજુરી આપેલ છે. તે સામે થયેલ બચતમાંથી ખર્ચ કરવાની રૂ. ૩૭,૨૦,૭૦૦/- મંજુરી આપવામાં આવેલ છે. તે રદ કરી તેના બદલે "રૂ.૩૭,૨૦,૭૦૦/- (અંકેરૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા) નો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે." તે મુજબનો સુધાર ઠરાવ કરવા અંગેની દરખાસ્ત રજુ કરેલ છે. જે ખર્ચ કરવાની દરખાસ્તને મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે કન્સ્ટ્રકશન ઓફ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન નડીયાદ, જી.ખેડાના મકાનમાં બાકી રહેલ અધૂરા કામ પુરા કરવા બાબતે અગાઉ રૂ. ૧૬૪.૮૭ લાખ ની સુધારેલ વહીવટી મંજુરી આપેલ છે. તે સામે થયેલ બચતમાંથી ખર્ચ કરવાની રૂ. ૩૭,૨૦,૭૦૦/- મંજુરી આપવામાં આવેલ છે. તે રદ કરી તેના બદલે "રૂ.૩૭,૨૦,૭૦૦/- (અંકેરૂપિયા સાડત્રીસ લાખ વીસ હજાર સાતસો પુરા) નો ખર્ચ કરવાની મંજુરી આપવામાં આવે છે." તે મુજબનો સુધારા ઠરાવ કરવામાં આવે છે.

આ વિભાગના તા. ૧૬-૧-૨૦૧૪ના ઠરાવ તથા તા.૧૦-૦૪-૨૦૧૫ના સરખા ક્રમાંકની ઠરાવો શરતો યથાવત રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર–૦૩-પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર-(૦૧)–બીસીકે-૪૯–ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્રસચિવશ્રી(સા.ન્યા)તા.૨૫-૧૧-૨૦૧૬ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( વિષ્ણુ પટેલ )
ઉપસચિવ,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,

માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, નડીયાદ, જી.ખેડા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
નાણા સલાહકારશ્રી(સા.ન્યા), માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી.
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, નડીયાદ, જી.ખેડા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત નડીયાદ, જી.ખેડા, સીલેકટ ફાઇલ.